| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩ / ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩ / ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૦ / ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

## મે. મહેસાણાના એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૩૦/૨૦૨૬.**
આંક–૦૭.

અરજદારઃ– ૧. **ધનાજી ઉર્ફે દીલીપજી કાંતીજી ઠાકોર,**
ઉં.વ.આ.– ૩૫, ધંધો.– ખેતી,
રહે. – કહોડા,
તા.– ઉંઝા, જી.– મહેસાણા.

**વિ રૂ ધ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક ન્યાય સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા અરજ...

અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી પી. એસ. ઠાકોર.
સામાવાળા તરફે વિદ્ધાન એડિ.પી.પી. શ્રી જે. બી. રાજપુત.

**––// ઠરાવ //––**

(૧).. અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક ન્યાય સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૨ મુજબ દાખલ કરીને ઉંઝા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન પાર્ટ સી ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૩૩૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો અરજદાર/આરોપી સામે

તા.૦૮–૦૧–૨૦૨૬ના રોજ નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીની ઉંઝા પોલીસ ગમે ત્યારે ધરપકડ કરે તેવી પુરેપુરી શક્યતા હોય અને જો તેમ થાય તો અરજદાર/આરોપીની પ્રતિષ્ઠાને હાની પહોચે તેમ હોય જેથી અરજદાર/આરોપીએ ભારતીય સુરક્ષા સંહિતાની ૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા કરેલી છે.

(૨).. અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. ખોટી રીતે તેમને સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી કે કોઇ માલીકીનું વાહન નથી. આમ અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે તેમના કુટુંબ સાથે રહે છે અને ખેતી કામ કરી તેમનું તથા તેમના પરીવારનું ભરણપોષણ કરે છે. અરજદાર/આરોપી સિવાય તેમના કુટુંબમાં કોઇ કમાનાર વ્યક્તિ નથી તેમજ તેમના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે.

અરજદાર/આરોપીની પોલીસ ધરપકડ કરીને કસ્ટડીમાં મુકે તો અરજદાર/આરોપીની સમાજમાં ધણી બધી બદનામી થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી આબરૂદાર વ્યક્તિ છે અને સમાજમાં અને તેમના ગામમાં સારી છાપ ધરાવે છે. અરજદાર/આરોપીને જેલમાં મોકલવામાં આવે તો અરજદાર ઉપર ધણી માઠી અસર પડે તેમ છે. તેમજ અરજદાર/આરોપી ઉપર થર્ડ ડીગ્રીનો ઉપયોગ કરવાનો તથા ટોર્ચર કરવાનો પુરેપુરો સંભવ છે. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીઓ ઉપરોક્ત જણાવેલ સરનામે તેમના કુટુંબ સાથે કાયમી રહે છે અને ખેત મજુરી કરી તેમના કુટુંબનું ભરણપોષણ કરે છે. કુટુંબનું ભરણપોષણ કરવાની જવાબદારી અરજદાર/આરોપીના શીરે છે અને તેઓ તેમના કુટુંબમાં એક માત્ર કમાનાર એક માત્ર વ્યક્તિ છે.

વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુક્ત કરવામાં આવે તો ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો કે ધાકધમકી આપવાનો પ્રયત્ન કરશે નહી કે ફરિયાદપક્ષના કેસ સાથે કોઈપણ જાતના ચેડા કરશે નહી તેમજ નામદાર કૉર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે. અરજદાર/આરોપી તરફે આંક–૦૩ ના લીસ્ટથી જુદા જુદા દસ્તાવેજો રજુ કરેલા છે જેમાં નિશાની–૦૩/૦૧થી એફ.આઈ.આર.ની નકલ રજુ કરવામાં આવેલ છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી વિદ્વાન પબ્લીક પ્રોસીક્યુટર શ્રી જે. બી. રાજપુતનાઓ હાજર થયેલા છે અને તપાસ કરનારનું સોગંદનામું આંક–૦૬ થી રજુ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ તથા અન્ય સહ આરોપીઓ સાખે ભેગા મળી મહેન્દ્રા બોલેરો પીક અપ ડાલુ નંબર–જી.જે.–૩૧–ટી.–૨૦૬૫ માં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી પરપ્રાંતના દારૂની બોટલ/ટીન નંગ ૪૨૮૦ કુલ લીટર ૧૨૨૧.૭૨ જેની કીંમત રૂ.૧૩,૭૮,૮૭૨/– તથા મહેન્દ્રા બોલેરો પીક અપ ડાલુ કીંમત રૂ.૩,૦૦,૦૦૦/– તથા પાણી ભરેલ બોટલોના પ્લાસ્ટીક કોટીંગ કરેલ પેકેટ નંગ–૧૪ જે એક પેકેટમાં ૧૨ બોટલ એક બોટલની કીંમત રૂ.૨૦/– લેખે કુલ ૨૬૮ બોટલોની કુલ કીંમત રૂ.૩,૩૬૦/– ગણી જે કુલ કબજે કરેલ મુદ્દામાલ કીંમત રૂ.૧૬,૮૨,૨૩૨/– નો પ્રોહી મુદ્દામાલ કટીંગ કરવ સારૂ કહોડાથી મહેરવાડા તરફ જતા રોડ ઉપર આવેલ કાચા નેળીયામાં લઈ આવી રેડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો આચરેલ છે.

અરજદાર/આરોપીનું નામ પ્રથમથી જ એફ. આઈ. આર.માં છે. આમ, અરજદાર/આરોપી દારૂનું વેચાણ અને

હેરાફેરીનું સુવ્યવસ્થિત નેટવર્ક ચલાવતો હોય જેથી જો અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીવાર આ જ પ્રકારની પ્રવૃત્તી કરતાં અટકાશે નહી તેમજ સમાજમાં કાયદાનો કોઇ જ ડર રહેશે નહી અને બીજા ઈસમો પણ આવી ગેરકાયદેસર પ્રવૃત્તી કરતાં અટકાશે નહી. વધુમાં તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં હાલના અરજદાર/આરોપી ગુનાહિત ભુતકાળ ધરાવે છે. આમ, ગુજરાતમાં દારૂબંધીની નીતી અમલમાં હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં અરજદારે ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ કેસ પેપર્સ વંચાણે લીધા.

(૫).. આ કામના આરોપી સામે ઉંઝા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન પાર્ટ સી ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૩૩૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

આ કામે સરકાર તરફે રજુ થયેલ દલીલોને ધ્યાને લેતાં આ કામના આરોપીએ તથા અન્ય સહ આરોપીઓ સાથે ભેગા મળી મહેન્દ્રા બોલેરો પીક અપ ડાલુ નંબર–જી.જે.–૩૧–ટી.–૨૦૬૫ માં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી પરપ્રાંતના દારૂની બોટલ/ટીન નંગ ૪૨૮૦ કુલ લીટર ૧૨૨૧.૭૨ જેની કીંમત રૂ.૧૩,૭૮,૮૭૨/– તથા મહેન્દ્રા બોલેરો પીક અપ ડાલુ કીંમત રૂ.૩,૦૦,૦૦૦/– તથા પાણી

ભરેલ બોટલોના પ્લાસ્ટીક કોટીંગ કરેલ પેકેટ નંગ–૧૪ જે એક પેકેટમાં ૧૨ બોટલ એક બોટલની કીંમત રૂ.૨૦/– લેખે કુલ ૨૬૮ બોટલોની કુલ કીંમત રૂ.૩,૩૬૦/– ગણી જે કુલ કબજે કરેલ મુદ્દામાલ કીંમત રૂ.૧૬,૮૨,૨૩૨/– નો પ્રોહી મુદ્દામાલ કટીંગ કરવ સારૂ કહોડાથી મહેરવાડા તરફ જતા રોડ ઉપર આવેલ કાચા નેળીયામાં લઈ આવી રેડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો આચરેલાનું તપાસ કરનાર અમલદારના સોગંદનામા ઉપરથી જ જણાઈ આવે છે.

(૬).. વધુમાં અરજદાર/આરોપીએ પોતાનો બદઈરાદો પાર પાડવાના હેતુસર ભારતીય બનાવટના વિદેશી પરપ્રાંતના દારૂની બોટલ/ટીન નંગ ૪૨૮૦ કુલ લીટર ૧૨૨૧.૭૨ જેની કીંમત રૂ.૧૩,૭૮,૮૭૨/–નો આક્ષેપ છે. વધુમાં અરજદાર/આરોપીનું પ્રથમથી જ એફ. આઇ. આર.માં છે. વધુમાં તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં હાલના અરજદાર/આરોપી ગુનાહિત ભુતકાળ ધરાવે છે.

(૭).. આમ, સમગ્ર રીતે જોતાં આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ તથા સોગંદનામાના હકીકત જોતાં આ કામના અરજદાર/આરોપી ગુનાહિત ભુતકાળ ધરવતા હોવાનું તપાસ કરનાર અમલદારના સોગંદનામા ઉપરથી જ જણાઈ આવે છે. તેમજ અરજદાર/આરોપીના કબજા હવાલામાંથી ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી પરપ્રાંતના દારૂની બોટલ/ટીન નંગ ૪૨૮૦ કુલ લીટર ૧૨૨૧.૭૨ જેની કીંમત રૂ.૧૩,૭૮,૮૭૨/– નો મુદ્દામાલનો જથ્થો પણ મળી આવેલ છે. તેમજ આ કામે તપાસ હાલમાં ચાલુ છે.

(૮).. હાલના અરજદાર/આરોપીએ ગુનો કરેલ હોવાનું જાણતા હોવા છતાં નાસતા ભાગતા રહેલ છે અને તપાસમાં સાથ

સહકાર આપેલ નથી. તેમજ અરજદાર/આરોપીની હાજરી વગર તપાસની પ્રક્રિયા આગળ વધી શકે તેમ પણ જણાતું ન હોઇ તેવા સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન આપવા ન્યાયોચિત જણાતું નથી જેથી અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન આપવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાતું ના હોય અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન મેળવવાની અરજી રદ્દ કરતો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

૧).. પ્રસ્તૃત કામના અરજદાર/આરોપી, **ધનાજી ઉર્ફે દીલીપજી કાંતીજી ઠાકોર,** ઉં.વ.આ.– ૩૫, ધંધો.– ખેતી, રહે. – કહોડા, તા.– ઉંઝા, જી.– મહેસાણાવાળાઓની ઉંઝા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન પાર્ટ સી ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૩૩૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ ગુન્હાના કામની આગોતરા જામીન ઉપર મુક્ત થવાની હાલની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૩૦/૨૦૨૬ આથી **નામંજુર** યાને કે **રદ્દ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૦/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.